


## સલામી સવારની..

*બહુમત-લોકશાહીમાં એ અંધા થઈ ગયા છે!*
*ચાલે છે માત્ર ચોકડીનું એ ખંધા થઈ ગયા છે!*
*સંધાય સંઘ સંપર્ક, રંધાય હિંદુત્વ એજંડા -*
*કોર્ટના ફંધામાં ફસાઈ એ સીધા થઈ ગયા છે!*
*(કોર્ટની ડખલથી 'ધાર્યાં' કામ થતાં નથી - જેટલી)*

હાઈકુ

*હવે ઉજવો!*
*તજ્ઞનશીન તિથિ -*
*દુષ્કાળોત્સવ!!*
*(વગાડો વિકાસનાં વાજાં)*

*દેખ બિચારી!*
*બકરીનો, સુપ્રીમ -*
*પકડે કાન...*
*(ઠપકા મહોત્સવ)*

### ચિંતન

**એવં મનુષ્યમપ્યેકં ગુણૈરપિ સમન્વિતમ્ ।**
**શક્યં દ્વિષન્તો મન્યન્તે વાયુર્દ્રુમમિવૈકજનમ્ ॥**

જેમ પવન એકલવાયા (અટૂલા) વૃક્ષને ઉખેડી શકે છે, તેમ ગુણોથી યુક્ત હોવા છતાં એકલા મનુષ્યને દુશ્મનો નષ્ટ કરી નાખવો શક્ય માને છે.

'સંઘે શક્તિ' : સંઘમાં સમૂહમાં શક્તિ છે. એવા સંઘબળને કોઈ તોડી શકે નહિ. આ તથ્ય સ્પષ્ટ કરવા વિદૂર એકલા-અટૂલા વૃક્ષનું દૃષ્ટાંત આપે છે. એકલા વૃક્ષને પવન ઉખેડી નાખે છે. તેમ એકલા મનુષ્યને શત્રુઓ હણી નાખે છે. કળિયુગમાં તો સંઘશક્તિનો મહિમા ગવાય છે. 'સંપ ત્યાં જંપ' 'સંહતિ : કાર્યસાધિકા' (સંપ-એકલા કાર્ય સિદ્ધ કરનાર છે) વગેરે વિધાનો પણ આવો વિચાર વ્યક્ત કરે છે.

'જાટ' સમૂહમાં એકલા અને સંગઠ્ઠન શક્તિ સાથે સંકલન શ્રેષ્ઠ હતું. ગુજરાતમાં આંદોલનકારીઓની સંખ્યા વિશેષ હતી પણ 'સંઘ' શક્તિ નબળી છે - હતી.

### સુવિચાર

- અકથ કહાની પ્રેમ કી, કછુ કહીં ન જાય, ગુંગે કેરી સર્કરા, ખાઈ ઔર મુસકાય - **કબીર**
- સંબંધોની હદ હોય છે સુખના દિવસ સુધી,
  દોસ્તીની પણ કસોટી થાય છે એમાં ખરી - **એસ. ભટ્ટાચાર્ય**
- પૈસા બચાવવા એ સારી વાત છે, પરંતુ પૈસાથી કોઈનું જીવન બચાવવું એ વધુ સારી વાત છે - **અખંદ આનંદ**
- સહજતા ખોવાઈ ન જાય એટલા માટે સાવધાન રહો - **મોરારિ બાપુ**
- ફિલોસોફીથી વાસ્તવિકતા ઘડવાનો પ્રયત્ન કરવો, એના કરતા વાસ્તવિકતાથી ફિલોસોફી ઘડાય તો એ વધુ અર્થપૂર્ણ બની રહે છે - **સ્નેહા ટી. પટેલ**
- કોઈના નિઃસ્વાર્થ પ્રેમથી આપણું દિલ દુઃભાય એનાથી વધુ કમનસીબી બીજી કોઈ નહીં - **હરીન્દ્ર દવે**
- આજનું ઔષધ : જાયફળને લીંબુના રસમાં વાટીને ચાટવાથી પેસ સાફ થાય છે અને આફરો મટી જાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

કેટલાક ધનવાનો, નેતાઓ, અધિકારીઓ મનમાં ખાંડ ખાતા હોય છે કે અમે પૈસાથી કંઈ પણ કરી-કરાવી શકીએ! (ન કરવાનાં - અન્યાયના-ગુનાઈત કામો પણ ઈશ્વરી ન્યાય અને કુદરત પાસે એમનું 'નાણું' કે પણ ચાલતું નથી.

એક કંપનીના મેનેજીંગ ડિરેકટર ઝૂ જોવા પોતાના પરિવાર સાથે ગયા. આ એમ.ડી. પોતાની કંપનીમાં નિષ્ણાતોની ભરતી કરવામાં નિષ્ણાત હતા. કોઈ પણ કું. ના નિષ્ણાંત ને મોટા પગારની લાલચે ફોડી લઈ આવતા એવા માણસોને કંપની તરફની વફાદારી નડતી નથી...

એમ.ડી.ના બાળકોને વાંદરાનાં તોફાન-મસ્તી જોવાં હતાં. ઘેરથી સીંગચણાના મોટાં પેકેટ લાવ્યા હતા. પણ વાંદરાનાં પાંજરા ખાલી હતાં. એમ.ડી. ઝૂના અધિકારી જે પશુઓના ડોકટર પણ હતા. તેની પાસે જઈ ફરિયાદ કરી - પાંજરા કેમ ખાલી છે? અમે ખાસ વાંદરા જોવા જ આવ્યા છીએ.

અધિકારીએ કહ્યું - હમણાં એમનો 'મેટીંગ' સમય ચાલે છે એ પાજરાંમાં બનાવેલી કાપડની કોટડીમાં હશે!!

એમ.ડી. કહે - અમે તેને સીંગચણા નાખીએ તો બહાર આવશે? ડૉકટરે ગુસ્સે થઈ કહ્યું, તમે એ પરિસ્થિતિમાં સીંગચણા માટે બહાર આવો?!

# કુંભમાં વિચારકુંભનું રાજકારણ

કુંભમેળો એ વિશ્વની સૌથી મોટી માનવ મિલનની ઘટના છે. આસ્થાના કુંભમાં વિચારધારાનો કુંભ ભેળવી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ હિંદુ માનસમાં એની પકડ વધુ મજબૂત કરવાનો પ્રયાસ કરે તે સ્વાભાવિક છે. પરંતુ હવે ચૂંટણીના રાજકારણમાં બિનહિંદુઓની વસતિ પણ નોંધપાત્ર હોઈ સૌના સ્વાગત અને સૌના સમ્માનની નવી કૂટનીતિ અપનાવવાની ફરજ પડી છે. 'સંઘમુક્ત' અને 'શરાબમુક્ત' ભારતનું નવું સૂત્ર લઈ મેદાને પડેલા નીતીશકુમાર જેવા બળૂકા નેતાને બિહારની બહાર લોકપ્રિય થતા જોઈને ભગવી બ્રિગેડમાં ભયનું લખલખું ફેલાયેલું છે. વડાપ્રધાન સામે સૌથી મોટો પડકાર ઊભો થયો હોય તો તે નીતીશકુમારના નામનો છે. તેઓએ હિંમતપૂર્વક સંઘમુક્ત ભારતનું એલાન આપી બિનસાંપ્રદાયિક પરિબળોના મનની વાત કહી દીધી છે. ઉજ્જૈનના કુંભપર્વમાં વિવિધ અખાડાઓનાં સાધુસંતો ઉપરાંત લાખો શ્રદ્ધાળુઓ ઊમટ્યા છે. ઠેર-ઠેર તંબૂ તણાયા છે અને કોઈને કોઈ ધાર્મિક કથા-વાર્તાનું રસપાન છે. ભારતીય જનતા પાર્ટી આવો અવસર ચૂકે તો જ નવાઈ. એથી એક તરફ એના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત સાહે દલિત સાધુ સંતો સાથે ક્ષિપ્રામાં ડૂબકી લગાવી ને પાર્ટી સામાજિક સમરસતાનું સમર્થન કરતી હોવાનો પુરાવો પ્રદર્શિત કર્યો તો બીજી તરફ છેલ્લા ઘણા વખતથી માથે હિમાચલ ટોપી પહેરી રાખતા મધ્યપ્રદેશના શાંત,સૌમ્ય અને મહદંશે સફળ વહીવટદાર ગણાતા મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે વિચારકુંભનું સમાંતર આયોજન કરીને સંઘ અને કેન્દ્ર સરકાર - બેઉને રાજી કરવાનો ઉપક્રમ રાખ્યો છે. ઉદ્‌ઘાટનમાં સંઘપ્રમુખ અને પૂર્ણાહૂતિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીથી અનેક વિરોધો વચ્ચે પણ હિંદુત્વની વિચારધારા સાથે પાર્ટી અડીખમ ઊભી છે, તેવો સંદેશ આપવાનો પ્રયાસ થશે. જો કે સંતોએ તો અયોધ્યા ખાતે રામમંદિર

## તંત્રીસ્થાનેથી...

નિર્માણનું શુભ મુર્હૂત પણ સુનિશ્ચિત કરી દીધું છે પરંતુ પાર્ટી આ મુદ્દે ચર્ચા કરવાનું ટાળે છે. રામલલાના નામે મબલક વોટ રળી લઈ દેશભરમાં હિંદુત્વનું મોજું ઊભું કરનારી પાર્ટીને હિંદુ મતોનું ધ્રુવીકરણ પણ કરવું છે તો બીજી તરફ મુસ્લિોમાં પણ નારાજગી ન સરજાય એનું ધ્યાન રાખવું છે. કેરળ જઈને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ યુડીએફ અને એલડીએફ વચ્ચે ભાજપ વિજેતા બનશે એવું ભાષણ કરે છે ત્યારે સમજી શકાય એમ છે કે હવે ભાજપ ફક્ત 'હિંદી' પટ્ટામાં પુરાઈ રહેવા નથી માગતું. એને આખા દેશમાં પાંખો પસારવી છે. એની આ વિસ્તારવાદી વૃત્તિ-પ્રવૃત્તિ સામે ખુદ શિવસેના જેવી સૌથી જૂની સહયોગી પાર્ટીએ વાંધો ઉઠાવ્યો છે. 'સામના' ના અગ્રલેખમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને હિટલર સાથે સરખાવાયા છે અને ઉત્તરાખંડમાં પાર્ટીએ જાતે જ પોતાની ફજેતી વહોરી હોવાની આકરી ટીકા કરી છે. શિવશેના જેવા સૌથી જૂના સાથી પક્ષને ભાજપનો 'સામ્રાજયવાદી' અભિગમ ઘટકવા લાગ્યો છે તે જ શું સૂચક નથી? બીજી તરફ નીતીશકુમાર તો એક પ્રાદેશિક પાર્ટીના જ વડા છે. એમની પાર્ટીને રાષ્ટ્રીય દરજજો અપાવવા એ નજીકના ઉત્તર પ્રદેશ જેવા મોટા રાજયમાં કેટલીક બેઠકો પર ઉમેદવારો ઊભા કરવાં માગતા હોય એમ લાગે છે. વારાસણીમાં ગંગાઘાટ પર જઈ ગંગાપૂજન અને સંકટમોચનનાં દર્શન કરી તેઓ પોતાની હિંદુ આઈડેન્ટિટી સાથે જ બિનસાંપ્રદાયિકતાના ધ્વજધારીની ઈમેજ ઊભી કરવા કૃતસંકલ્પ છે. બિહારમાં રોડ-રેજમાં પાર્ટીનાં જ વિધાન પરિસદનાં સદસ્યના પુત્ર દ્વારા કરાયેલી હત્યાની તટસ્થ તપાસ કરાવી તથા હત્યારાની માતાને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી એમણે તત્કાળ દબંગ રાજકારણ સામે સૂગ દર્શાવી છે. ઉત્તર પ્રદેશમાં નીતીશકુમાર અમને નબળા પાડવાની કોશિશ ન કરે, એ મતલબનું મુલાયમસિંહના વિશ્વાસુ અને અખિલેશ કેબિનેટના સિનિયર મંત્રી આઝમખાને કરેલ નિવેદન સૂચક છે.

## બાપુ તમે જો કદાચ કન્યા જન્મ્યા હોત તો તમારું લોહી ઉકળી જાત!

સ્ત્રીઓ પ્રત્યેની રૂઢિગત ભારતીય સમાજની માનસિકતામાં બદલાવ આણવાનું સૌથી મોટું કામ મહાત્મા ગાંધીએ કર્યું હતું. અસ્પૃશ્યતા નિવારણની સાથે સમાજ સુધારણાના ક્ષેત્રમાં આ પણ તેમની સૌથી મોટી સમાજસેવા હતી. ગાંધીજી કેળવણીથી જ ઘડાયેલા એવા રેહાના તૈયબજી (અબ્બાસ અલી તૈયબજીના પુત્રી)એ હરિવિલાસ સારડા (શારદા એક્ટ) બિલ સંદર્ભે મહિલાઓની ભરાયેલી ચર્ચા સભામાં ચર્ચાયેલી વાતોનો ચિતાર આપતો પત્ર ગાંધીજીને લખ્યો હતો. ગાંધીએ આ પત્રના સંદર્ભે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા એ જોવા જેવા છે તો રેહાના તૈયબજીની પત્રની વિગતો પણ વાંચવા જેવી છે. આપણે પત્ર જોઈએ :

રેહાના તૈયબજી લખે છે કે સ્ત્રીઓની પરણવાની ઉંમર ઓછામાં ઓછી ૧૮ વર્ષની કરવાના બિલના સમાવેશ પામેલા મુદ્દાના પક્ષમાં આપ છો એ જાણીને અમે ખુશ થયા છી. મહિલાઓની સભામાં સ્ત્રીઓને વારસા સંબંધી કાયદાઓ અંગે પ્રસ્તાવ પસાર કરાયો છે. સ્ત્રીઓને વારસો આપવા બાબતે આપ 'યંગ ઈન્ડિયા' અને 'નવજીવન' માં એક સપ્ન લેખ લખો તો એમને કેટલો સહાયકારક થઈ પડે!

રેહાનાબાનુ વળી પાછા લખે છે કે પોતાના જન્મપ્રસિદ્ધ હક્ક મેળવવા માટે સ્ત્રીઓને શું કામ ભીખ માંગવી પડે? અથવા તો લડત આપવી પડે એ જ હું તો સમજી શકતી નથી. પોતાની જનેતાને પુરુષ 'અબળા' તરીકે સંબોધે અને છીનવેલા હક્કો સ્ત્રીઓને પાછા આપવાની વાત કરે એ કેટલી દુઃખદ અને હાસ્યાસ્પદ વાત લાગે! કન્યાની બાબતે તો વાત એવી રીતે કરવામાં આવે છે કે જાણે તે માલની ગાંસડી ન હોય! અને મા-બાપની ફરજ પણ ત્યાં સુધીની છે કે જ્યાં સુધી તેનો પેલો 'ધણી' આવીને તેને કબ્જામાં લઈ માતાપિતાને પહેરેગીરીમાંથી મુક્ત કરે. બસ, જ્યાં જાઓ ત્યાં તે જ મોકાણ-ધણી ને ધણી. એ 'ધણી' તો મોટો ઉપદ્રવ થઈ ગયો છે એમ ઉગ્રતાપૂર્વક લખતા રેહાનાજી છેવટે તો ગાંધીજીને પણ પત્રમાં કહી નાંખે છે - 'ખરેખર તમે જો કદાચ કન્યા જન્મ્યા હોત તો આ બધાથી તમારું લોહી ઉકળી જાત.'

જેવો સ્વભાવ અને હાડમાંસની ઝાંખી પાંખી હાજરી વાળુ શરીરે ય સાવ ઠંડુ છે એવા ગાંધીજીને પેલા બહેન તો 'બાપુ તમારું લોહી પણ ઉકળી જાય' એવા વાક્યપ્રયોગ સાથે સ્ત્રી અસમાનતાની સ્થિતિ જ યથાતથ મૂકે છે.

## સ્ત્રીઓના અધિકારો વિશે એકે બાબતમાં હું જરાય પડતું મેલવા તૈયાર નથી

ગાંધી સાવ ઠંડા કહેજે અને ઠંડા લોહીએ રેહાના તૈયબજીને જવાબ વાળે છે - 'પુરુષોના સ્ત્રી જાતિ ઉપરના અત્યાચારોથી લોહી ઉકાળવા માટે મારે કન્યા તરીકે જન્મવાની આવશ્યકતા નથી.' સ્ત્રીઓની સાથેના વ્યવહારો વિશે હું જાણું છું તેવું સ્પષ્ટ કહ્યા વગર ગાંધી કહે છે - સ્ત્રીઓ સાથે જે અત્યાચારો થાય છે એ સામે વારસા સંબંધેના કાયદાઓ આ અત્યાચારોમાં નજીવા ગણાય. શારદા બિલ વારસાના અત્યાચારોના સડા કાઢવા પ્રયત્ન કરે છે પણ અત્યાચારોના વારસા કયાંક ભયંકર અને ગંભીર છે. સ્ત્રીઓના અધિકાર વિશે એકે બાબતમાં હું જરાય પડતું મેલવા તૈયાર નથી એમ તેઓ સ્પષ્ટ કરે છે.




સ્ત્રી-પુરુષ અધિકારો વિશે સ્પષ્ટતા કરતાં તેઓ કહે છે, 'કાયદા એ સ્ત્રી-પુરુષની વચ્ચે કોઈ જાતની અસમાનતા રાખવી ન જોઈએ. દીકરા અને દીકરી વચ્ચે કોઈ જાતનો ભેદભાવ ન હોવો જોઈએ. જેમ જેમ સ્ત્રી જાતિને શિક્ષણ દ્વારા પોતાની શક્તિનું ભાન થતું જશે તેમતેમ તેની સાથે આજે જે અસમાન વર્તન ચાલે છે તેનો વધારે ને વધારે ઉગ્ર વિરોધ થશે. પણ પક્ષપાતી ફાયદાઓ બદલવાથી આ સ્થિતિમાં જૂજ જ વધારો થઈ શકે. સ્ત્રીઓની સાથેની અસમાનતા બાબતે જે વિચારશીલ માનવીઓ જે ધારે છે એના કરતાં એ વ્યાધિનું મૂળ વધારે ઊંડુ છે.'

સમાજજીવનના અભ્યાસુ ગાંધી સ્ત્રી-પુરુષ અસમાનતા પાછળનું મૂળ કારણ પુરુષને સત્તા અને કીર્તિનો લોભ ગણાવે છે. પુરુષને મરણ પછી પણ અમરતા જોઈએ છે એટલે તેની મિલ્કતના વારસાને પોતાની દીકર-દીકરી વચ્ચે વહેંચે તો મિલ્કત વહેંચાઈ ટુકડેટુકડા થઈ જાય તો એનું નામ કાયમ રહેતું નથી. આથી અમરત્વ માટે પુરુષ પોતાની મિલ્કત મોટા પુત્ર કે કોઈ એક પુત્રને નામે કરે છે. ગાંધી પાછું સમજાવે છે કે મોટાભાગે સ્ત્રીઓ વિવાહિત હોય છે અને કાયદો તેમને પ્રતિકુળ હોવા છતાં તેઓ તેમના પતિની સત્તા અને અધિકારમાં પૂરો ભાગ

**અનુસંધાન પાના નં. ૭ પર**

# માનવ સ્વભાવનું મહાકાવ્ય

**(લેખાંક-૨)**

ગતાંકથી આપણે ગુણવંત શાહ કૃત મહાભારત માનવ સ્વભાવનું મહાકાવ્યની વાત કરી રહયા છીએ.કૃષ્ણની એક ખૂબી મને ગમી ગઈ છે. એ કદી કયારેય કોઈથી છેતરાયા નથી. બધા મનુષ્યોને છેતરી શકાય, પરંતુ કૃષ્ણને છેતરી ન શકાય. જરા વિચાર તો કરો. જે મહામાનવ જન્મ ધારણ કર્યા પછીના પ્રથમ કલાકમાં મથુરાની કેદ વટાવી પિતા વાસુદેવના ટોપલામાં શયન કરતો રહીને રાતોરાત યમુના પાર કરીને ગોકુળમાં યશોદાની ગોદમાં પહોંચે, તેને જગતની દુષ્ટ શકિતઓથી પરાભવ પામવાનું કેમ પાલવે ? ગોકુળમાં મોટા થનારા કનૈયાને જોખમમાં જ જીવવું પડયું ! કંસના અસુરો એક પછી એક ગોકુળ ગયા પરંતુ ગોપાલકૃષ્ણ દ્વારા હાર પામ્યા અને મર્યા! આવું કઠણ જીવન હોય અને આવું જોખમ રોજનું હોય ત્યારે મધુરાધિપતિમાંથી મથુરાધિપતિ અને પછી દ્વારકાધિપતિ બનેલા રાજેશ્વર કૃષ્ણને કોણ છેતરી શકે ?

સદીઓ વીતી તોય દુર્દશા કાયમ છે. સદીઓ વીતી તોય સ્ત્રીયોને નિર્ભયતા પ્રાપ્ત નથી થઈ. સદીઓ વીતી તોય મુનષ્યો કયારેક કીડી મંકોડાની માફક મરે છે. તફાવત એટલો જ કે જે આખરી ચીસ તીરની અણી છાતીમાં પેસી જાય ત્યારે કાને પડતી હતી તે હવે બંદુકની ગોળી પેસી જાય ત્યારે સંભળાય છે, પરંતુ ચીસ તો કાયમ છે!




મહાભારતનો મર્મ કૃષ્ણના જીવનદર્શનમાં પ્રગટ થતો રહયો છે, જેના ચાર અત્યંત મહત્ત્વના સ્તંભ આ પ્રમાણે છે :

૧. કાયરની અહિંસા કૃષ્ણને માન્ય નથી.
૨. નિર્માલ્ય સૌજન્ય કૃષ્ણને માન્ય નથી.
૩. પૃથ્વી પર ઊગેલું માનવીય સત્ય આખરી નથી હોતું.
૪. મન્યુ વિનાનો નિસ્તેજ ધર્મ કૃષ્ણને માન્ય નથી. (પાન નં.૧૧)

મહાભારતના યુધ્ધમાં જે હિંસા થઈ તેનાં મૂળિયાં રાગ-દ્વેષના નાના મોટા એવા ઠેર ઠેર પ્રસરી ગયેલા દુર્ગંધયુકત ખાળકૂવામાં સંતાયેલા હતાં. સમાજમાં જે અપ્રગટ હતું, તે જ કુરુક્ષેત્રના મેદાનમાં પ્રગટ થયું ! ભગવદ્‌ગીતા કેવળ ભારતની કે હિંદુઓની ધરોહર નથી, એ સમગ્ર વિશ્વની માર્ગદર્શિકા છે. ગુણવંત શાહ કૃત મહાભારત- માં કુલ નવ ખંડો છે. જેમાં મુખ્યત્વે સ્વભાવે જાય છે. ભીષ્મ : પ્રતિજ્ઞાથી પ્રતીતિ સુધી. ધૃતરાષ્ટ્ર -ગાંધારી : પાપી તોય પુત્ર અમારો, દુર્યોધન : આસુરી સંપત્તિનો વંઠેલો વારસદાર, દ્રૌપદી : તેજસ્વિની-ઓજસ્વિની-મનસ્વિની ગુણસુંદરી, કર્ણ : રુઆબદાર અને વફાદાર મૈત્રીનો મહારથી, અર્જુન : પાર્થ છે અપૂર્ણ, પૂર્ણ છે પાર્થ સારથિ, યુધિષ્ઠિર : મન્યુ વિનાનો ક્ષાત્રધર્મ મંદપ્રાણ, કૃષ્ણ : શાશ્વત લીલા પુરુષોત્તમ.. વગેરે મુખ્ય પ્રકરણો છે.

દરેક પ્રકરણ પોતાની આભા લઈને આવે છે. તેમજ સ્વતંત્ર રીતે વાંચવાની ખૂબ જ મજા આવે છે. ગ્રંથની વિશેષતા વધારતા લેખકે પાત્રોની સરખામણી કરીને વાચકને વિચારતો કર્યો છે. ઉદા. તરીકે સીતા-દ્રૌપદી વગેરેના કર્મો ને અને સિધ્ધાંતોને તર્ક સંગત રીતે એકબીજા સામે મૂકીને વાચકને વિચારતો કર્યો છે. ગ્રંથમાંથી પસાર થતા વાચક પોતાનો અભિપ્રાય પણ મૂકી શકે છે. લેખકનું અર્થઘટન ભાવકને ભીંજવે છે અને મોજમાં લાવે છે. ગ્રંથની વિશેષતા એ રહી છે કે પાને પાને ફૂલડાં વેર્યા હોય એમ સંદર્ભો મૂકેલાં છે.

મહાભારત ગ્રંથને પાને પાને મૂકેલાં મોતી સ્વરૂપ સંદર્ભો લેખકની શૈલીને વધુ ધારદાર અને વાચકને જુગુપ્સા પ્રેરે છે. હરમાન હેસના શબ્દોને ટાંકતા લેખક લખે છે - ''માણસ એકલો છે, એકલવાયો છે. સમાજ એને વધુ એકલવાયો બનાવે છે. માણસમાં સહન કરવાની શકિત હોવી જોઈએ અને યાતના જ એને માનવીય ગૌરવ આપે છે.''

આ મહાકાવ્યમાં સત્ય-અસત્ય, અહિંસા-હિંસા, કરુણા-ક્રૂરતા, ઔચિત્ય-અનૌચિત્ય જેવી પરસ્પર વિરોધી બાબતો સતત અડખે પડખે રમતી -ભમતી જોવા મળે છે. આવી વિરાટ જીવનલીલા ચાલતી રહે ત્યારે કૃષ્ણ 'લીલાપુરુષોત્તમ' તરીકે બધી ઘટનાઓમાં પરોવાયેલા હોવા છતાં અલિપ્ત હોય એ રીતે સાક્ષી ભાવે બધું નિહાળતા રહે છે. જગત દ્વંદ્વોનું બનેલું છે, પરંતુ કૃષ્ણ દ્વંદ્વાતીત છે. જગતમાં ત્રિગુણમયી માયાનું સામ્રાજય તપે છે. પરંતુ કૃષ્ણ ગુણાતીત છે. કૃષ્ણના યુગાવતારનો એજન્ડા સ્પષ્ટ છે.

૧.ધર્મની ગ્લાનિ દૂર કરવાની છે.
૨.દુર્જનોનો વિનાશ કરવાનો છે.
૩.સાધુઓનું પરિત્રાણ કરવાનું છે.
૪. ધર્મની સંસ્થાપના કરવાની છે.


મહાભારતનું ગુરુત્વમધ્યબિંદુ ધર્મ છે. વિશ્વમાં જેટલો વ્યાપ જીવનનો છે એટલો જ વ્યાપ ધર્મનો છે. ધર્મ વ્યકિતગત અને સામાજિક જીવનનું એવું તત્વ છે, જે સક્રિય છે અને વળી ગતિશીલ છે.

**મિસરી -**

**દુર્યોધન મરે છે, પરંતુ દુર્યોધનત્વ મરતું નથી.**

**- (મહાભારત-માનવ સ્વભાવનું મહાકાવ્ય પાન નં. ૧૭૩)**

**- santoshdevkar03@gmail.com**




# શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક અર્પણ કાર્યક્રમ યોજાયો

*વૃત્તસંચય*

- *શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌ. યુનિ, રાજકોટ અને માતુશ્રી મોંઘીબા મહિલા આટ્ર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે 'કંઠસ્થ પરંપરા અને લોકસાહિત્યમાં નારી - અસ્મિતા' વિષય પરનો પરિસંવાદ યોજાઈ ગયો. જેમાં અધ્યક્ષસ્તાને પ્રતાપભાઈ પંડ્યા અને મુખ્ય મહેમાન તરીકે કિશોરભાઈ મહેતાની ઉપસ્થિતિ રહી હતી. વક્તા જોરાવરસિંહ જાદવે 'લોકસાહિત્યમાં નારી-અસ્મિતા' વિષે અને ડો. અંબાદાન રોહડિયાએ 'ચારણી સાહિત્યમાં નારી અસ્મિતા' વિશે વ્યાખ્યાનો આપ્યાં હતા. કોલેજના આચાર્ય ડો. ડી.એ. સેને મહેમાનોનું સ્વાગત કરી, ડો. અંબાદાન રોહડિયાએ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રની પ્રવૃત્તિઓનો પરિચય આપી, પરિસંવાદની ભૂમિકા બાંધી હતી. અધ્યાપકો, સર્જકો અને લેખિકાઓની હાજરી નોંધપાત્ર રહી હતી.*
- *શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌ. યુનિ. રાજકોટ અને શ્રી એમ. કે. આટ્ર્સ કોલેજ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે 'સાહિત્યિક - સાંસ્કૃતિક વ્યાખ્યાનમાળા' યોજી ગઈ, જેમાં અધ્યક્ષસ્થાને પૂર્વ. મુ.સ.પ્રવીણ લહેરી ઉપસ્થિત રહ્યા હતા. જયારે વક્તા તરીકે ડો. બળવંત જાનીએ 'ચારણી સાહિત્ય : ઇતિહાસ, સંસ્કૃતિ અને સાહિત્યનું સંગમસ્થાન' વિષયક વકતવ્ય આપ્યું હતું. કોલેજના આચાર્ય સુભાષ બ્રહ્મભટ્ટે મહેમાનોનું સ્વાગત કર્યું હતું અને ડો. અંબાદાન રોહડિયાએ પરિસંવાદની ભૂમિકા બાંધી હતી.*
- *શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌ. યુનિ. રાજકોટ અને આણંદ ઇન્સ્ટી. ઓફ પી.જી. સ્ટડીઝ ઈન આટ્ર્સ,આણંદ દ્વારા 'લોકગીત' વિભાવના અને વર્ગીકરણ 'અંતર્ગત પરિસંવાદ યોજાઈ ગયો, જેમાં મુખ્ય અતિથિ પદે ડો. હસુ યાજ્ઞિક અને અધ્યક્ષસ્થાને શ્રીમતી જયોત્સનાબેન કે. પટેલ ઉપસ્થિત રહ્યાં હતા. સ્વાગત ડો. આર.પી. પટેલે કર્યું હતું અને પ્રાસંગિક વકતવ્ય ડો. અંબાદાન રોહડિયાએ આપ્યું હતું.'*
- *શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ દ્વારા ; લોકસાહિત્ય, ચારણી સાહિત્ય અને સંતસાહિત્યના સંશોધન, સંપાદન, વિવેચન, ક્ષેત્રકાર્ય અને દસ્તાવેજીકરણ અન્વયે કાર્ય કરવા ઈચ્છનાર પાસેથી દરખાસ્તો મંગાવવામાં આવેલ છે; જેમાં આ ત્રિધારા વિષયક સંશોધક પ્રોજેક્ટને રૂા. ૫૦,૦૦૦ ની મર્યાદામાં અને આ ત્રિવિધધારાના સંશોધન, સંપાદન, વિવેચન અને ક્ષેત્રકાર્ય વિષયક ગ્રંથોના પ્રકાશનાર્થે રૂા. ૧૦,૦૦૦ ની આર્થિક સહાય આપવામાં આવનાર છે.*
- *ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા ગુજરાતી, સંસ્કૃતિ, હિન્દી,સિંધી, ઉર્દૂ અને કચ્છી ભાષા સાહિત્યના વિવિધ વિષયો પર સાહિત્યિક/શૈક્ષણિક સંસ્થાઓને કાર્યક્રમના વાસ્તવિક ખર્ચના ૭૫ % અથવા રૂા. ૫૦,૦૦૦ એ બેમાંથી જે ઓછું હોય તે આરથિક સહાયરુપે આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૬-૧૭માં જે સંસ્થાઓ આવા કાર્યક્રમ/પરિસંવાદ યોજવા ઈચ્છા ધરાવતી હોય તે સંસ્થાએ પોતાના લેટરપેડ પર વિગતવાર માહિતી સાથે પ્રસ્તાવ મોકલી શકશે.*
- *ગુજરાતી સાહિત્યના એક અભ્યાસુ વિવેચક અને આધુનિક અને અનુઆધુનિક સાહિત્યના ઊંડા અભ્યાસી તથા દક્ષિણ ગુજરાત યુનિ.ના ગુજરાતી વિભાગના અધ્યક્ષ જગદીશ ગૂર્જરનું તા.૨૮.૪.૨૦૧૬ના રોજ અવસાન થયું. ગુજરાતી સાહિત્યને એક અભ્યાસુ વિવેચકની ખોટ પડી છે.*
- *કિશોર વયના વિદ્યાર્થીઓ ભજવી શકે એવા મંચનક્ષમ એકાંકીઓની કૃતિઓની સ્પર્ધા ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર તરફથી યોજવામાં આવેલ છે, જેમાં પ્રથમ ઈનામ રૂપિયા ૫,૦૦૦, દ્વિતીય ઈનામ રૂપિયા ૩, ૦૦૦, અને તૃતીય ઈનામ રૂપિયા ૨૦૦૦ રહેશે. આવી જોડણી ભૂલરહિત, છાપેલી રચનાઓ તા. ૩૧.૫.૨૦૧૬ સુધીમાં, અકાદમીને મોકલી આપવાની છે.*




- *ગુજરાત સાહિત્ય અકાદમી અને ઉર્દૂ સાહિત્ય અકાદમી - ગાંધીનગર દ્વારા તા. ૨૯.૩.૨૦૧૬ના રોજ અમદાવાદ ખાતે; વર્ષ - ૨૦૧૦ થી ૨૦૧૪ સુધીના ઉર્દૂ સાહિત્ય ગૌરવ પુરસ્કાર તથા ગુજરાતી વર્ષ - ૨૦૧૨ અને ઉર્દૂ વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૪ સુધીના શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક અર્પણ સમારોહ માન. મંત્રી નાનુભાઈ વાનાણીની અદ્યક્ષતામાં યોજાઈ ગયો. જેમાં મુખ્ય મહેમાન પદે કવિ ચિનુ મોદી ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત અને ભૂમિકા અકાદમીના અદ્યક્ષ અને કવિ ભાગ્યેશ જહાએ રજૂ કરી હતી. નીચેના, ઉર્દૂ ભાષાના સર્જકોને રૂા. એક લાખનો ચેક, સન્માનપત્ર અને શાલથી સન્માનિત કરવામાં આવ્યા હતા.*
  - *વસીમ મલીક - ૨૦૧૦*
  - *મહેબૂબ હુસેન - અહેમદ હુસેન અબ્બાસી - ૨૦૧૧*
  - *શકીલ આઝમી - ૨૦૧૨*
  - *નિસાર અહેમદ અન્સાસી - ૨૦૧૩*
  - *મુસાફિર પાલનપુરી - ૨૦૧૪*

*આ સમારોહમાં કવિ માધવ રામાનુજ, રાજેશ વ્યાસ 'મિસ્કીન', કૃષ્ણદવે, ડો. કેશુભાઈ દેસાઈ, ડો. નિરંજન રાજયગુરુની ઉપસ્થિતિ નોંધપાત્ર જણાતી હતી. સમારોહનું સંચાલન ડો. કનૈયાલાલ ભટ્ટ અને રીયા મહેતાએ કર્યું હતું. અને આભારવિધિ અકાદમીના મહામાત્ર મનોજ ઓઝાએ કરી હતી.*